# ૧૪ લાખ કેશ લઈને બાઈક પર જતાં બે યુવાનો પકડાયા

## બેંક એ.ટી.એમ.માં કેશ ફીલ-અપ કરતી કંપનીના માણસો હોવાનું ખુલ્યુ : બેદરકારીથી લઈ જવાતી કેશ અંગે પોલીસ નોટીસ પાઠવશે

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં લુંટ અને ચિલઝડપની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગઈ કાલે બનેલી લુંટની ઘટના બાદ સે-૨૧ પોલીસને ઈન્ફર્મેશન મળી હતી કે બે યુવાનો કેશ ભરેલી બેગ લઈને બાઈક પર જઈ રહ્યા છે. સે-૨૧ પોલીસે ક-૭ સર્કલે વોચ ગોઠવીને બંને યુવાનોને પકડી તપાસ કરતાં રૂ. ૧૪ લાખ કેશ તેમની પાસેથી મળી આવી હતી. તપાસ કરતાં બેંક એટીએમમાં કેશ ફીલ અપ કરતી કંપનીના આ બંને માણસો હોવાનું ખુલ્યું હતું. કેશ ફીલ અપ માટે ફરતા યુવાનોને સિકયુરીટી ગાર્ડ વગર બાઈક પર મોકલી દેતી કંપનીનો કોન્ટ્રાકટ રદ થાય તે માટે પોલીસે ગતિવિધી શરુ કરી છે અને બીજી તરફ બેંકોને પણ આ મામલે નોટીસ પાઠવવા પોલીસે તજવીજ શરુ કરી છે.

બેંકમાંથી રૂપિયા ઉપાડીને નીકળેલા એક કર્મચારીની રૂ. ૧.૭૦ લાખ ભરેલી બેગની લુંટ થઈ હોવાની ઘટના બનવા પામી હતી તે પહેલા સે-૨૯મા એક વૃદ્ધ બેંકમાંથી રૂપિયા પાડીને ઘરે પહોંચવા આવ્યા ત્યાં તેમની પણ રૂપિયા ભરેલી થેલીની લુંટ થવા પામી હતી. લુંટની ઘટનાઓ વધવા લાગતા પોલીસ પણ ભીંસમાં મુકાઈ છે. ત્યારે ગઈ કાલે સે-૨૧ પોલીસને બાતમી મળી હતી કે બે યુવાનો એક બાઈક પર મોટી કેશ લઈને જઈ રહ્યા છે. પોલીસે ક-૭ સર્કલે વોચ ગોઠવી બાઈક પર નીકળેલા જીતેન્દ્ર મહેન્દ્રભાઈ સુતરીયા અને દિલીપ ચૌધરીને ઉભા રાખી બેગ તપાસી હતી. બેગમાંથી રૂ. ૧૪ લાખ કેશ મળતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. તપાસ કરતાં આ કેશ માણસા બેંક ઓફ બરોડા એટીએમમાં ફીલઅપ કરવા માટે લઈ જઈ રહ્યા હોવાનું તથા એટીએમમાં કેશ ફીલઅપ કરતી કંપનીના માણસ હોવાનું બંને યુવાનોએ જણાવ્યું હતું. બેંક મેનેજર સાથે પોલીસે ક્રોસ વેરીફીકેશન કરતાં બંને યુવાનો સાચુ બોલતા હોવાનું ખુલ્યું હતું. જો કે આટલી મોટી રકમની કેશ બાઈક પર અને સિકયુરીટી ગાર્ડ વગર રોજ ફેરવીને બેદરકારી દાખવતી કંપનીનો કોન્ટ્રાકટ રદ થાય તે માટે પગલા લેવા અને બેંકોને તકેદારી રાખવા નોટીસ પાઠવવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.



કેન્ડલ માર્ચ : શહેરના પર્યાવરણપ્રેમીઓએ શનિવારે રાત્રે સંભવિત વૃક્ષોના નિકંદન સામે કેન્ડલ માર્ચ યોજીને આંદોલનનું બ્યુગલ ફુક્યું હતું. પંચામૃત ભવનના નિર્માણ સામે ઉગ્ર વિરોધ કરી રહેલા આંદોલનકારીઓએ સરકારને અનુરોધ કર્યો હતો કે વૃક્ષોના વિનાશના ભોગે કંઈપણ થવું જોઈએ નહીં. વિકાસ જરૂરી છે, પરંતુ પર્યાવરણ એટલું જ જરૂરી છે. સચિવાલય પાછળના હજ્જારો વૃક્ષોના સમૂહના નિકંદન સામે આંદોલન ઉગ્ર બનતું જાય છે. આગામી દિવસોમાં પ્રજાકીય આંદોલનમાં ફેરવાશે એમ જણાય છે. (તસવીર : દિપક જાની)

# નગરમાં મચ્છરોનો અતિશય ઉપદ્રવ, આ વર્ષે મચ્છરોની ઉત્પત્તિમાં અનેક ઘણો વધારો

## મેલેરીયા, ઝેરી મેલેરીયા જેવા રોગોએ માથુ ઉંચક્યુ, તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવાય તેવી માંગ

ગાંધીનગર, તા. ૨૧

આ વર્ષના શિયાળાએ પાટનગર વાસીઓને હચમચાવી મુક્યા છે. ઋતુમાં અનેક ઉતાર-ચઢાવ થકી નગરજનોમાં રોગચાળાની દહેશત ઉભી કરી નાખી છે. જેમાં વળી સ્વાઈન ફ્લુએ તો રીતસર હાહાકાર જ મચાવી દીધો છે. ત્યારે હાલ મચ્છરોનો અતિશય ઉપદ્રવ થયો છે. ઘેર ઘેર અને નગરના ખુણે ખુણે મચ્છરોએ ઉત્પાત મચાવ્યો છે, જેથી નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને મેલેરીયા, ઝેરી મેલેરીયા જેવા રોગો હાવી થાય તે પહેલા દવાનો છંટકાવ અને અન્ય જરૂરી પગલાં ભરવા તીવ્ર માંગ ઉભી થઈ છે.

નગરમાં શિયાળો, ઉનાળો અને ચોમાસાનો એક સાથે અનુભવ નગરજનોએ આ વર્ષની ઠંડીની સિઝનમાં કરી લીધો છે. બદલાતા વાતાવરણમાં જીવજંતુઓની ઉત્પત્તિ અનેક ઘણી વધી જતી હોય છે. જે કારણે સ્વાઈન ફ્લુ જેવો રોગ મચક આપતો નથી. ત્યારે હાલ મચ્છરોએ હાહાકાર મચાવ્યો છે. નગરના દરેક ઘરે મચ્છરોનો ઉપદ્રવ અતિશય થઈ ગયો છે. ઘરગથ્થુ ઉપાયોથી ન હટતા મચ્છરોને કાબુમાં લેવા જંતુનાશક દવાનો છંટકાવ જ એક માત્ર માર્ગ નગરજનો માની રહ્યા છે. સામાન્ય તાવ જેવા રોગો તો નગરજનોમાં જોવા મળી જ રહ્યા છે પરંતુ આ મચ્છરો દ્વારા ઝેરી મેલેરીયા જેવો મહાકાય રોગ પણ પેસારો ન કરે તેની દહેશત લોકોમાં ઉભી થઈ છે.

પ્રથમ વખત જ આટલા મચ્છરો હોવાનો દાવો કરતા સીનીયર સીટીજનો જણાવી રહ્યા છે કે ગાંધીનગરના અસ્તિત્વ પછી મચ્છરનું અતિ આક્રમણ સામે આ વર્ષે જ અનુભવી રહ્યા છીએ.જોકે ચાલુ વર્ષે કમોસમી વરસાદ, ઠંડીનું અતિ પ્રમાણ દરમ્યાન ગરમીનો અહેસાસ જેવા અકલ્પનિય વાતાવરણના ફેરફારો આ જીવાતની ઉત્પત્તિના મુખ્ય કારણ બન્યા છે. જો કે સલંગ્ન વહીવટીતંત્ર સત્વરે આ અંગે કાર્યવાહી હાથ ધરી મચ્છરોને દૂર કરવાના પ્રયાસો હાથ ધરે તે ખુબ જ આવશ્યક બન્યું છે. અન્યથા સમગ્ર નગર મચ્છરો થકી થતાં રોગચાળાના ભરડામાં આવી જશે તેવું લાગી રહ્યું છે. હાલમાં સામાન્ય તાવના લક્ષણો ધરાવતા દર્દીઓ ખાનગી તેમજ સરકારી દવાખાને વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. જેથી આ કાર્યવાહી મચ્છર ઉત્પતિને અટકાવી શકશે તેવુ લોકો કહે છે.

# સે-૨૯માં યુવતિ મર્દાની બની લુખ્ખાને જાહેરમાં ફડાકો માર્યો

## પોતાના કામ અર્થે નિકળેલી યુવતિને રોમિયોએ છેડતા બાઈકની ચાવી લઈ ગાલ પર તમાચો માર્યો : લુખ્ખો મોં છુપાવી પલાયન થયો : મોડી રાત્રે નાના ગ-૩ પાસે વોકિંગ કરવા નિકળેલી યુવતિને હવસખોરે છેડતી કરી : સલામતી સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરમાં હવે બિહારવાળી જોવા મળી રહી છે. લુખ્ખાતત્વોનો કાળો કેર વર્તાઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. રાત્રીના સમયે પાર્કિંગ કરવા નિકળતી યુવતિઓ સુરક્ષિત નથી. સેક્ટર-૨૯માં ગઈકાલ સમી સાંજે રોડ સાઈડમાં જઈ રહેલી યુવતિને છેડતા યુવતિએ મર્દાની અદામાં ફડાકો ઝીકી દેતા રોડ રોમિયો ઉભી પુંછડીયે ભાગી ગયો હતો. મોડી રાત્રે નાના ગ-૩ પાસે એક યુવતિ પર હવસખોરે હુમલો કર્યો હતો.

ગઈકાલ સમી સાંજે સેક્ટર-૨૯માં બે છેડતીના બે બનાવ બનવા પામ્યા હતા. ૨૨/૨૯ બસ સ્ટેન્ડથી સેક્ટર-૨૯માં અંદર જવાના રસ્તા પર પોતાના કામથી ચાલતી જતી યુવતિને રોમિયોએ છેડવાનો પ્રયત્ન કર્યો હતો. ફિલ્મી અદામાં લુખ્ખાએ યુવતિના ફરતે બાઈક ફેરવ્યુ હતુ. થોડા સમય માટે અવાક બની ગયેલ યુવતિએ સ્વસ્થ થતા રોમિયોના બાઈકની ચાવી ખેંચી લઈ ગાલ ઉપર જોરદાર તમાચો ચોંટાડી દીધો હતો.

જાહેરમાં ગાલ પર તમાચો ચોટાડી દેતા રોમિયો ઉભી પુંછડીયે ભાગી જવા પામ્યો હતો. લુખ્ખા તત્વો સામે પ્રતિકાર કરતા યુવતિ ખરા અર્થમાં મર્દાની બની ગઈ હતી. ટોળાએ યુવતિની શક્તિને બિરદાવી હતી.

સેક્ટર-૨૯ મેઈન શોપિંગ સેન્ટર ખાતે પણ અન્ય એક છેડતીનો બનાવ બનવા પામ્યો હતો. પરંતુ રોમિયો અહિથી છટકી ગયો હતો. શોપીંગમાં કેટલાક લોકોએ રોમિયોને પકડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ માર ખાવામાંથી બચી ગયો હતો.

નાના ગ-૩ સર્કલથી સેક્ટર-૫ પેટ્રોલપંપ સાઈડ વોકીંગમાં નીકળેલી યુવતિને હવસખોરે છેડતી કરી હતી. પોતાના ઘર તરફ જઈ રહેલી યુવતિને હવસખોરે પકડી છેડતી કરી હતી. અને લુખ્ખાતત્વ અને યુવતિ વચ્ચે ઝપાઝપી થતા હોબાળો મચી જવા પામ્યો હતો. જેમાં યુવતિએ પહેરેલ ટી-શર્ટ ફાટી જવા પામી હતી.

ત્યારે યુવતિએ બુમાબુમ કરતા આ હવસખોર છટકી જવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગરમાં છેડતીના વધી રહેલા બનાવોના કારણે નગરની યુવતિઓ અસુરક્ષિત મહેસુસ કરી રહી છે. એક જ દિવસમાં ત્રણ-ત્રણ છેડતીના બનાવો સામે સતત પેટ્રોલીંગ કરતી પોલીસ સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે.

## ચૈત્રી નવરાત્રિ ધાર્મિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

● શકિત મંડળના નિમિષાબેન પંડયાના સુરમધુર કંઠે આનંદનો ગરબો તા. ૨૩ માર્ચ સોમવાર, બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન નર્મદાબેનના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૫૫/૨, સેકટર-૧૪ ખાતે યોજાશે. ભાવિ ભકતોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

● સેકટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો યોજવામાં આવશે. આજ રોજ સોમવારે બપોરે ૨.૩૦ થી ૪.૩૦ કલાકે સેકટર-૨૩ સ્થિત શિવશકિત મંદિર ખાતે યોજાશે. મોટી સંખ્યામાં ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# જિલ્લામાં ૫૮ ટકા ગુનાઓ ડીટેક્ટ..!

## ચોરી, લુંટ, ધાડ, બળાત્કાર અને અપહરણ સહીતના ૩૫૨૫ ગુનાઓમાંથી ૨૦૪૮ ગુનાનાં ભેદ ઉકેલાઈ ચુક્યા છે : સૌથી વધુ ડીટેક્શન રેશીયો વર્ષ-૨૦૧૨ થી ૨૦૧૪ દરમ્યાન..!

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ચોરી, લુંટ, ધાડ, બળાત્કાર અને અપહરણ સહિતના વિવિધ પ્રકારના ૩૫૨૫ ગુનાઓ પાંચ વર્ષ દરમ્યાન નોંધાયા છે. પોલીસ ચોપડે નોંધાયેલા આ ગુનાઓ પૈકી ૨૦૪૮ ગુનાઓ એટલે કે ૫૮ ટકાથી વધુ ગુનાઓ ડીટેક્ટ થઈ ચુકેલા છે, જ્યારે ૪૨ ટકા ગુનાઓ હજુ અનડીટેક્ટ છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ-૨૦૦૯ થી વર્ષ-૨૦૧૪ સુધીના આ ગુનાઓના આંકડામાં સૌથી વધુ ડીટેકશન રેશીયો વર્ષ-૨૦૧૨ થી ૨૦૧૪ દરમ્યાન નોંધાયેલો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૦૯-૧૦ દરમ્યાન ૬૧૬ ચોરીઓ, ૧૭ લુંટ, ૬ ધાડ, ૮ બળાત્કાર, ૩૦ અપહરણ તથા ૧૪૩ અન્ય ગુનાઓ મળી ૮૨૦ ગંભીર પ્રકારના ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા હતા જે પૈકી ૪૦૬ ગુનાઓ ૪૯ ટકા ગુનાઓ ડીટેક્ટ થવા પામ્યા હતા.જ્યારે ૪૧૬ ગુનાઓ અનડીટેક્ટ હતા. વર્ષ-૨૦૧-૧૧માં ૪૬૫ ચોરી, ૧૭ લુંટ, ૬ ધાડ, ૧૬ બળાત્કાર, ૨૪ અપહરણ મળી ૭૦૮ ગુનાઓ બન્યા હતા. જેમાં ૪૧૭ એટલે કે ૫૮ ટકા ગુનાઓ ડીટેક્ટ અને ૪૨ ટકા અનડીટેક્ટ રહ્યા હતા. તે જ રીતે વર્ષ-૨૦૧૧-૧૨માં ૨૪૫ ચોરી, ૨૭ લુંટ, ૬ ધાડ, ૧૭ બળાત્કાર, ૨૬ અપહરણ મળી કુલ ૬૭૩ ગુનાઓ નોંધાયા હતા. જે પૈકી ૩૭૦ એટલે કે ૫૫ ટકા ગુનાઓ ડીટેક્ટ અને ૩૦૩ અનડીટેક્ટ રહ્યા હતા. વર્ષ-૨૦૧૨-૧૩માં ૩૮૦ ચોરી, ૧૫ લુંટ, ૪ ધાડ, ૨૪ બળાત્કાર અને ૫૩ અપહરણ મળી ૬૬૧ ગુનાઓમાં ૪૦૬ એટલે કે ૬૨ ટકા ગુનાઓ ડીટેક્ટ અને ૨૫૫ અનડીટેક્ટ રહ્યા હતા. જ્યારે વર્ષ-૨૦૧૩-૧૪માં ૩૬૪ ચોરી, ૩૧ લુંટ, ૪ ધાડ, ૧૬ બળાત્કાર, ૮૭ અપહરણ મળી ૬૬૩ ગુનાઓ પૈકી ૪૪૯ એટલે કે ૬૮ ટકા ગુનાઓ ડીટેક્ટ અને ૨૧૪ ગુનાઓ અનડીટેક્ટ રહ્યા હતા. એટલે કે પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બનેલા ૩૫૨૫ ગંભીર ગુનાઓ પૈકી ૨૦૪૮ એટલે કે ૫૮ ટકા ગુનાઓ ડીટેક્ટ અને ૧૪૭૭ ગુનાઓ અનડીટેક્ટ રહ્યા છે. જેમાં ડીટેક્શનનું સૌથી વધુ પ્રમાણ વર્ષ-૨૦૧૨-૧૩ અને વર્ષ-૨૦૧૩-૧૪માં જોવા મળ્યું છે.

# કોમ્પ્યુટરાઈઝડ આરટીઆઈ મોડયુલના કારણે અરજીઓનો નિકાલ ઝડપી બન્યો

## નવેમ્બર-૨૦૧૩થી આરઆઈએમએસ સીસ્ટમ વિકસાવાઈ : વર્ષ ૨૦૧૩-૧૪માં અગાઉ કરતા અરજીઓના નિકાલમાં ૧૭.૬૩ ટકાનો વધારો : કામગીરીમાં ઝડપ અને ચોકસાઈ વધી

ગાંધીનગર, તા.૨૨

ભારતાં માહિતી અધિકાર અંગેના કાયદા આરટીઆઈ એકટ અંતર્ગત તમામ નાગરિકોને સરકારી ખાતાની કાર્યવાહી, વિભાગોની કાર્યો અથવા યોજનાઓ વગેરે અંગે તેમજ સરકારી ખર્ચાઓ અને અન્ય આંકડાઓ વિશે માહિતી માંગવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ કાયદો ૨૦૦૫થી અમલમાં આવ્યો છે જેની શરૂઆતમાં આરટીઆઈ વિભાગ દ્વારા મેન્યુઅલ રજીસ્ટરમાં નોધણી કરવાથી કરાઈ હતી. હવે સરકારના અન્ય ખાતાઓની જેમ વર્ષ ૨૦૧૩થી આરટીઆઈ વિભાગે સોફટવેર ડેવલપ કરીને તમામ અરજીઓ અંગેની કાર્યવાહીને ઓનલાઈન બનાવી છે જેના કારણે કામગીરીમાં ઘણી ઝડપ આવી છે અને કાર્યક્ષમતા પણ વધવા પામી છે.

આરટીઆઈ આયોગની મુખ્ય કામગીરી અપીલો અને ફરિયાદોની સુનાવણી ગોઠવી તેનો ગુણવત્તા મુજબ નિકાલ કરવાનું છે. આ કામગીરીને મેન્યુઅલ કરવામાં આવતી હતી ત્યારે અનેકવાર સમય મર્યાદા વિતી જવાની કે અરજી નહી લવાના પ્રશ્નો ઉભા થતા હતા જેના કારણે કાર્યવાહીમાં વિલંબ થતો હતો. આથી આયોગ દ્વારા નવેમ્બર ૨૦૧૩માં આ કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનો નિર્ણય કરાયો હતો અને તે અંતર્ગત આરટીઆઈ ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સીસ્ટમ એટલે કે આરઆઈએમએસ સોફટવેર વિકસાવાયું. આરઆઈએમએસ એ અમલમાં મુકવાથી આયોગની મળતી અપીલો-ફરિયાદોની નોંધણીની કામગીરીમાં તથા આયોગની કામગીરીના દરેક તબક્કે ઈન્વર્ડ નંબર જનરેટ થતા હોવાથી માનવીય ભૂલ થતી અટકી ગઈ હતી. અરજદારે માંગેલ માહિતી સાથે સંકળાયેલ પીઆઈઓ અને એફએએના નામ સરનામા નાંખવા પડતા ન હોવાથી કામગીરી ઝડપથી થાય છે. બીજી અપીલની ચકાસણી દરમિયાન ખૂટતા દસ્તાવેજો મંગાવીને મેળવીને સંપૂર્ણ ફાઈલ તૈયાર થાય છે. આથી સુનાવણી સમયે ઝડપથી નિર્ણય લેવાય છે. આમ નંબર પરથી કેસ સંબંધી વિગતો મળી જતી હોઈ સંબંધિત ફાઈલો સાથે અહેવાલ ઝડપથી ગોઠવી શકાય છે. કામગીરીમાં ઝડપ સાથે ચોકસાઈ આવી છે અને કેસની ફાળવણી, ટ્રેકિંગ સરળતાથી કરી શકાય છે તેમજ ડુપ્લીકેશનના પ્રમાણમાં ખૂબ ઘટાડો થવા પામ્યો છે. આ સીસ્ટમના કારણે વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૧૧૪૯ કેસોનો નિકાલ કરાયો છે જે અગાઉના વર્ષ કરતા ૧૭.૬૩ ટકા વધુ છે.

આરટીઆઈ મોડયુલ અમલમાં મુકવાથી માહિતી માંગનાર અરજદારની બીજી વખત અરજી આવે તો ફકત સીલેકટ કરવાથી અરજદારની વિગતો ભરાઈ જાય છે. તબદીલી આંશિક તબદીલીના કીસ્સામાં સોફટવેર દ્વારા જ પત્ર જનરેટ થાય છે તેમજ તબદીલીની સમય મર્યાદા અંગે 'એલર્ટ' પણ આપવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી દ્વારા જવાબની વિગતો ડેટા બેઈઝમાંથી લઈ પત્ર તૈયાર કરી શકે છે અને સમયમર્યાદામાં આવી શકાય છે. આ સોફટવેર દ્વારા સુનાવણીની તારીખ અંગે ૧૦ દિવસ પહેલા એલર્ટ આપવામાં આવે છે અને એક જ દિવસમાં વધુ સુનાવણીની તારીખ ન અપાય તેનું સોફટવેર ધ્યાન રાખે છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩
સૂર્યાસ્ત : ૬.૫૩

### તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૨ ટકા ● સાંજે ૨૩ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**સ્ક્રીન-૨ :**

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :**

અગ્નિ પરીક્ષા : ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૦૦

એન.એચ. : ૨.૩૦, ૮.૦૦

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૩ :**

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૬.૪૫

હંટર : ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

હંટર : ૩.૪૫, ૧૦.૦૦

બ્લેક હોમ : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૦૦

એન.એચ-૧૦ : ૩.૪૫, ૧૦.૦૦

હંટર : ૧૨.૩૦

દમ લગાકે હઈસા : ૬.૪૫

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**

હંટર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, ૯.૪૫

**સ્ક્રીન-૨ :**

હંટર : ૧૧.૩૦, ૨.૩૫, ૫.૦૫, ૧૦.૪૦

બ્લેક હોમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :**

બે યાર : ૯.૦૦

એન.એચ-૧૦ : ૧૨.૦૦, ૨.૩૫, ૫.૧૦, ૧૦.૫૫

૧૦૦ ડેઝ ઓફ લવ (મલયાલમ) : ૭.૪૫

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. નટવરસિંહ અમરસિંહ વાઘેલા (ઉ.વ.૫૫) મુ. લીબોદરા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. વાઘેલા સજ્જનબા મંગળસિંહ (ઉ.વ.૧૩) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તિલાલ કેશવલાલ પંચાલ (ઉ.વ.૮૫) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર